# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/ ૪૯૪ /૨૦૧૬
## તા.૧૯ /૦૬/૨૦૧૬

હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ નિમિત્તે ટ્રાફીક વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કાર્યક્રમમાં આવનાર જાહેરજનતા તથા સ્કુલના બાળકોને અગવડ ન પડે તે માટે વાહન વ્યવહારના સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ વિશ્વ યોગ દિન નિમિત્તે જી.એમ.ડી.સી ગ્રાઉન્ડ ખાતે યોગનો કાર્યક્રમ હોઈ જેથી તા.૨૧/૦૬/૨૦૧૬ ના રોજ સવારે ૦૪.૦૦ વાગ્યાથી સવાર કલાક ૧૦.૦૦ દરમ્યાન નીચે મુજબના જાહેરમાર્ગો બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

તા.૨૧.૦૬.૨૦૧૬ ના રોજ સવાર કલાક ૦૪.૦૦ થી ૧૦.૦૦ સુધી જી.એમ.ડી.સી ગ્રાઉન્ડના રુટ ઉપર આવતા નીચે પ્રમાણેના રસ્તાઓ વાહનવ્યવહાર માટે સદંતર બંધ રહેશે

- કેશવબાગ ત્રણ રસ્તાથી અંધજનમંડળ ચાર રસ્તા થઈ હેલ્મેટ ચાર રસ્તા થઈ એ.ઈ.સી. ચાર રસ્તા સુધીના માર્ગ ઉપર કાર્યક્રમમાં આવનાર સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.
- એ.ઈ.સી ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા થઈ અંધજનમંડળ ચાર રસ્તા થઈ કેશવબાગ ત્રણ રસ્તા સુધીના માર્ગ ઉપર કાર્યક્રમમાં આવનાર સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.
- ગુરૂકુળ ત્રણ રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા થઈ વિજય ચાર રસ્તા સુધીના માર્ગ ઉપર કાર્યક્રમમાં આવનાર સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.
- પાંજરાપોળ ચાર રસ્તાથી અંધજનમંડળ ચાર રસ્તા થઈ વસ્ત્રાપુર ગામ સુધીના માર્ગ ઉપર કાર્યક્રમમાં આવનાર સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી, પરંતુ અન્ય વાહનો અંધજનબ્રિજ ઉપર થઈ આવ-જા કરી શકશે.
- કલ્યાણપુષ્ટિ હવેલી વસ્ત્રાપુરથી આલ્ફાવન મોલ ટી થઈ જી.એમ.ડી.સી. કોર્નર ખાંચા સુધીનો માર્ગ ઉપર કાર્યક્રમમાં આવનાર સિવાયનાં વાહનો આવ-જા કરી શકશે નહી.

**વૈકલ્પિક માર્ગ :**

- ➢ કેશવબાગ ત્રણ રસ્તાથી માનસી સર્કલથી જમણી બાજુ વળી વસ્ત્રાપુર શહીદ ચોક થઈ સંજીવની હોસ્પિટલ થઈ એન.એફ.ડી. થઈ સાંઈબાબા ચાર રસ્તા થઈ સાર્થક થઈ આવ-જા કરી શકાશે.
- ➢ એ.ઈ.સી ચાર રસ્તાથી નારણપુરા ચાર રસ્તા થઈ નવરંગ સર્કલ થઈ ઈશ્વરભુવન ચાર રસ્તા થઈ કોમર્સ સર્કલ થઈ સેન્ટ ઝેવિયર્સ ત્રણ રસ્તા થઈ આવ-જા કરી શકાશે.
- ➢ જોધપુર ચાર રસ્તાથી શિવરંજની ચાર રસ્તા થઈ નહેરૂનગર સર્કલ તરફ આવ-જા કરી શકાશે.

આ જાહેરનામામાંથી તમામ પ્રકારના સરકારી વાહનો ફાયર બ્રિગ્રેડના વાહનો તેમજ એમ્બ્યુલન્સનાં વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૦૬/૨૦૧૬ સવાર કલાક ૦૪.૦૦ વાગ્યાથી સવાર કલાક ૧૦.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૮/૦૬/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૧૮/૦૬/૨૦૧૬
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
ર/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
ર/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર P.R.O. શ્રી
ર/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ....................................... અમદાવાદ શહેર
ર/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
ર/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.